## ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૭ ટકા

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સે-૨૨ દેરાસર ખાતે સવારે ૮.૪૫ કલાકે કલ્પસૂત્ર વાંચન.

### સામાજીક અને સાંસ્કૃતિક

● રાષ્ટ્રીય કુંભાર મહાસભાની રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠક નગરપાલિકા ભવન સે-૧૧ ખાતે સાંજે ૫.૦૦ કલાકે યોજાશે.

## સાદરા ગામે બાઈક સ્લીપ થતા વડીલનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સાદરા ગામ પાસે બાઈક સ્લીપ થતા વૃધ્ધનું મૃત્યું નિપજયું હતું. સાદરા મોતીપુરા ખાતે રહેતા અરજણજી રણછોડજી ઠાકોર ગુરુવારે રાત્રે ૮ વાગે પોતાનું બાઈક લઈને નીકળ્યા હતા. ત્યારે સાદરા ગામમાં રાજપુરા રોડ પર બાઈક અચાનક સ્લીપ થઈ ગયું હતું. જેમાં માર્ગ પર પટકાયેલા વડીલને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી દોડી આવેલા ગ્રામજનોએ તાત્કાલીક તેમને સાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે લઈ ગયા હતા. જયાંથી વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ અમદાવાદ સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે તાત્કાલીક વિભાગમાં એડમીટ કરાયેલા અરજણજી બેભાન અવસ્થામાં જ હતા. તેઓની સારવાર ચાલુ રહી હતી તે દરમિયાન શુક્રવારના રોજ સવારના ૫ કલાકે ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા.અકસ્માતને પગલે ચિલોડા પોલીસે મૃતકના ભત્રીજા ગોબરજી અમરાજી મકવાણાની ફરીયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલમાં ગાંધીનગર કહેશે 'થેંક યુ બાપુ..!!'

### ડૉ. આંબેડકર હોલ ખાતે જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાઈ : કુલ ૧૧ શાળાઓએ ભાગ લીધો : એમ.બી પટેલ કન્યા પ્રા. શાળા વિજેતા




ગાંધીનગર, તા.૩૦

વિદ્યાર્થીઓમાં અભ્યાસની સાથે સાથે બાહ્ય જગતમાં વિકસી રહેલા વિજ્ઞાન અંગે પણ જાગૃતિ વધે તે હેતુથી દર વર્ષે યોજાતી 'નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ'નો પ્રારંભ થઈ ચુકયો છે. આજે શહેરના સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે સ્પર્ધાના પહેલા ચરણામાં જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગાંધીનગરના સે-૨૩ ખાતેની એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ટીમ વિજેતા બની હતી જે રાજય કક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. સ્પર્ધાનું આયોજન નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવ્યું હતું.

આજે યોજાયેલી નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં જિલ્લાની ૧૧ શાળાઓએ ભાગ લીધો હતો. આ શાળાઓએ 'પર્યાવરણ અને સંરક્ષણ, સ્વચ્છતા, સ્વચ્છ ભારત, આરોગ્ય અને તંદુરસ્તી વગેરે જેવા રસપ્રદ વિષયો પર નાટકો રજુ કર્યા હતા. આ પૈકી સેકટર-૨૩ની એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા-નાટક 'થેંક યુ બાપુ' પ્રથમ ક્રમાંકે, રાંદેસણની બીએપીએસ સ્વામિનારાયણ વિદ્યામંદિર નાટક-'કિલનલીનેસ એન્ડ હાઈજીન' દ્વિતિય ક્રમે અને સેકટર-૭ની જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય-નાટક 'સ્વચ્છતા' તૃતીય સ્થાને વિજેતા બની હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સ્પર્ધામાં નિર્ણાયક તરીકે જાણીતા નાટયકારો કુંતલ નિમાવત અને નીતીન પટેલે સેવા આપી હતી તેમજ તેમની સાથે નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ પણ જોડાયા હતા. કાર્યક્રમના પ્રારંભે ડૉ. અનિલ પટેલે વિદ્યાર્થીઓને સ્પર્ધાના નિયમો તથા વિષયો-પેટા વિષયો અંગે માહિતગાર કર્યા હતા. સ્પર્ધાના સમાપને કુંતલ નિમાવતે વિદ્યાર્થીઓને નાટકના પાત્રો, સંવાદ, સમયસૂચકતા, સંગીત વગેરે પાસા અંગે મહત્વની સમજ આપી હતી. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. ઉલ્લેખનીય છે કે નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ દર વર્ષે મુંબઈની નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝિયમ તથા નહેરૂ સાયન્સ સેન્ટર અને ગાંધીનગર ખાતેના ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગુજકોસ્ટ દ્વારા કરવામાં આવે છે. આજના કાર્યક્રમની સફળતા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના કો ઓર્ડીનેટર્સ હાર્દિક મકવાણા તથા શિવાંગ પટેલ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ગાંધીનગર સરકારી પ્રેસ સે-૨૯ ખાતે મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

જિલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગર દ્વારા સરકારી પ્રેસ સે-૨૯ ખાતે ટીબી, એચઆઈવી, ડાયાબીટીસના રોગોની તપાસ અંગેનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રનો સ્ટાફ, આઈસીટીસી



સ્ટાફ, અર્બન હેલ્થ સેન્ટર-૨૯ અને પાલજના સ્ટાફ તેમજ એનસીડી ખાતેના સ્ટાફનો સહયોગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં સરકારી પ્રેસ ખાતે કામ કરતા તમામ કર્મચારીઓની મેડિકલ તપાસ કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમ દરમિયાન સરકારી પ્રેસના ૨૦થી વધુ કર્મચારીની તપાસ કરેલ. જેમાં ટીબીના ૮ કેસ અને ડાયાબીટીસના ૫ કેસ શંકાસ્પદ મળી આવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમમાં સરકારી પ્રેસ ખાતેથી મેનેજર પી.બી. કન્વર, આસી. મેનેજર જીતેન્દ્રકુમાર તથા તેમના સ્ટાફે સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વધુમાં જિલ્લા ક્ષય અધિકારી એમ.બી. ચૌહાણે જણાવ્યું કે ટીબી નાબૂદી અભિયાન અંતર્ગત ગાંધીનગર સીટી વિસ્તાર અને માણસા તાલુકા ટીબી ફ્રી તાલુકા અંતર્ગત વિસ્તારના તમામ લોકો સુધી ટીબી જાગૃતિ અંગેની જાગૃતિ આવે તેવા વધુને વધુ પ્રયત્નો જિલ્લા ક્ષય કેન્દ્ર સ્ટાફ અને આરોગ્ય ટીમ દ્વારા થઈ રહ્યા છે.

કાર્યક્રમના અંતે તમામ કર્મચારીને હેલ્થ એજયુકેશન આપેલ જેમાં તમામ નાગરિકોને ટીબીના નિદાન, સારવાર તેમજ એચઆઈવી/એઈડસ અંતર્ગત માહિતી આપવામાં આવી હતી.

# જાગૃત વસાહતીએ બિમાર વાછરડાંને સારવાર અપાવી



શહેરના સેકટર-૩ ન્યુના નવરાત્રિ ચોકમાં છલ્લા એક સપ્તાહથી ગાયનું એક વાછરડું તેના સડી ગયેલા કાન સાથે અસહ્ય પીડા સહન કરતું ફરતું હતું જે અંગે સ્થાનિક વસાહતીએ કરૂણા હેલ્પલાઈન ૧૯૬૨ પર ફોન કરી જાણ કરતા પાયલોટ નવલસિંહ સાથે આવી ડૉ. પ્રાકૃતિક ભાવસારે વાછરડાંને સારવાર આપી હતી. સારવારમાં વાછરડાંનો કાન સાફ કરી તેનું ડ્રેસિંગ કરવા સાથે વાછરડાંને જરુરી ઈન્જેકશન આપી બોટલ ચઢાવી હતી. ત્યારબાદ થોડા સમયમાં વાછરડું ઘણું સ્વસ્થ થઈ જવા પામ્યું હતું. સારવાર બાદ ડોકટરે ફોન કરનાર જાગૃત સ્થાનિક વસાહતીને બિરદાવ્યા હતા.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● સાહો
૯.૧૫, ૧૦.૧૫, ૧૧.૪૫, ૧૨.૫૦, ૧.૫૦, ૩.૨૦, ૫.૨૫, ૬.૫૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૩૦

● મિશન મંગલ
૧૦.૪૫, ૧.૦૦, ૪.૩૫, ૭.૨૫, ૧૦.૧૫

● બાટલા હાઉસ
૧.૩૫, ૧૦.૧૫ રાત્રે

● ધ એંગ્રી બર્ડસ મુવી-૨
૩ડી હિન્દી-૯.૩૫ સવારે

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● સાહો
૯.૧૫, ૧૨.૫૦, ૪.૨૫, ૮.૦૦, ૧૦.૧૫, ૧.૫૦, ૫.૨૫, ૯.૦૦, ૧૧.૧૫, ૨.૫૦, ૬.૨૫, ૧૦.૦૦

● મિશન મંગલ
૯.૩૦

● બાટલા હાઉસ
૧૦.૧૫, ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૦૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● સાહો
૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧૨.૪૦, ૨.૨૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૦, ૧૦.૪૦, ૧૧.૪૦

● મિશન મંગલ
૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

● બાટલા હાઉસ
૧.૩૦, ૭.૩૦

## રવિવારે સવારે ઘ-૪ સર્કલે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં માતૃભાષા અભિયાનના ઉપક્રમે આત્મન ફાઉન્ડેશનના સહયોગથી દર માસના પ્રથમ રવિવારે ઘ-૪ સર્કલે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. આગામી સપ્ટેમ્બર માસના પ્રથમ રવિવાર નિમિત્તે તા. ૧લી સપ્ટેમ્બરના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન શહેરમાં ઉદ્યોગભવન પાસેના ઘ-૪ સર્કલે પુસ્તક પરબ યોજાશે. આ પુસ્તક પરબની મુલાકાતે આવનાર મુલાકાતી પોતાને પસંદ પડે તે બે પુસ્તકો અને બે સામયિકો વિના મૂલ્યે મેળવી શકશે. આ ઉપરાંત પુસ્તક પરબ ખાતે પુસ્તકો ભેટમાં સ્વીકારવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દર માસના પ્રથમ રવિવારની સવારે પુસ્તક પરબમાં મીની મેળા જેવો માહોલ સર્જાય છે. જેમાં ગાંધીનગરના અનેક મહાનુભાવો, ઉચ્ચ અધિકારીઓ, લેખકો, તબીબો, નોકરી વ્યવસાય કરતા ભાવકો તથા વિદ્યાર્થીઓ મુલાકાત લે છે. આત્મન ફાઉન્ડેશનની પુસ્તક પરબ ટીમે તા. ૧લી સપ્ટેમ્બરે શહેરના વાચકો ભાવકોને પુસ્તક પરબની મુલાકાત લેવા જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

## સમર્પણ કોલજના બેડમિન્ટન ખેલાડીની ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા માટે પસંદગી

શહેરની કોલેજના યુવા વિદ્યાર્થીઓમાં હવે સ્પોર્ટસમાં રસ વધતો જાય છે. શહેરની સેકટર-૨૮ ખાતેની સમર્પણ આર્ટસ એમ્ડ કોમર્સ કોલેજના બેડમિન્ટનના ખેલાડી આલોક આકાશે તાજેતરમાં ખોખરા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે યોજાયેલી ઈન્ટર યુનિવર્સિટી બેડમિન્ટન સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતાં તેની પસંદગી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી માટે કરવામાં આવી છે. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય દીપક પંડયા તથા કોચ પ્રો. મહેન્દ્ર મોડિયાએ આલોકને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



# જાહેરમાં બાળકને મારતા વાલીને ટોકતા યુવકને ડરાવવા પ્રયાસ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં શુક્રવારના રોજ બપોરના સુમારે સેકટર-૨૩ ની ખાનગી શાળા સામે અજીબો ગરીબ ઘટના બની હતી. જેમાં એક યુવક નાના બાળકને પટ્ટાથી માર મારી રહ્યો હતો અને અન્ય નાગરીકો ટોળે વળીને તમાશો જોઈ રહ્યા હતા. પરંતુ નાના બાળકને મારમાંથી કોઈ બચાવવા માટે વચ્ચે જતા ન હતા. તે સમયે પોતાના બાળકને લેવા માટે પોતાની પત્ની સાથે આવેલા યુવકે બાળકને માર મારવાની ના પાડી હતી. જો કે ઉશ્કેરાયેલા શખ્સે આ મારો બાળક છે મારે જે કરવુ હોય તે કરુ તમારે શુ જતા રહો. તેમ કહેવા છતા યુવકે કહ્યું ભલે તમારુ બાળક રહ્યું પરંતુ જાહેરમાં આ પ્રકારે મારવુ જોઈએ તેમ કહેતા યુવકને પણ જોઈ લેવાની ધમકી આપી હતી. જેને પગલે બાળકને લેવા માટે આવેલો જાગૃત નાગરીક ત્યાંથી સીધો નીકળી ગયો હતો. તે સમયે સામાવાળા શખ્સે ફોન કરીને બીજા બે ઈસમોને બોલાવી દીધા હતા. એક બાઈક પર બેસીને ત્રણ યુવકોએ પેલા જાગૃત યુવકનો પીછો કર્યો હતો અને ઘ-૪ પાસે ગાડી ઉભી રાખવાનું જણાવ્યું હતું. જો કે ગભરાયેલા યુવકે ગાડી ફુલ સ્પીડે હંકારી દીધી હતી અને સેકટર-૭ પોલીસ મથક પહોંચી ગયો હતો. જેને પગલે પેલા યુવકાએ પોલીસ મથકે જાગૃત યુવકને પહોંચલો જોતા ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા.

# જુના સચિવાલય ખાતે થતું પોસ્ટઓફિસ સ્ટેશનરીનું વેચાણ બંધ

### જુના સચિવાલયની શોર્ટીંગ ઓફિસ ખાતે પોસ્ટઓફિસ સ્ટેશનરીનું વેચાણ છેલ્લા ત્રણેક મહિનાથી બંધ : અધિકારી અને મુલાકાતીઓને મુશ્કેલી




ગાંધીનગર, તા.૩૦

જુના સચિવાલયમાં કાર્યરત પોસ્ટની શોર્ટીંગ ઓફિસમાં સ્ટેશનરીની સામગ્રીનું વેચાણ બંધ થતા સ્ટેમ્પ, ટપાલ ટીકીટ સહિતની જરૂરી વસ્તુ ખરીદવા માટે અધિકારીઓ તથા મુલાકાતીઓને સે-૧૧ અને સે-૧૬ની પોસ્ટઓફિસ સુધી ધક્કો ખાવો પડે છે. જુના સચિવાલય સ્થિત જલ્દીથી આ ઓફિસ કાર્યરત થાય તે અંગે માંગ ઉઠવા પામી છે.

ડૉ. જીવરાજ મહેતા ભવન બિલ્ડીંગ ખાતે આવેલી મુખ્ય પોસ્ટઓફીસને સે-૧૧ ખાતે ટ્રાન્સફર કરાઈ છે ત્યારે દરેક વહીવટ પણ ત્યાંથી તથા સે-૧૬ પોસ્ટઓફિસથી થાય છે. આ સિવાય દરેક સેકટરોમાં પોસ્ટઓફિસ આવેલી છે. સચિવાલય ખાતેના અધિકારીઓ તથા ત્યાં કામથી આવેલ દરેક માટે પોસ્ટઓફિસ ન હોવાથી સે-૧૧ સુધી ધક્કો ખાવો પડે છે. ખાસ કરીને પોસ્ટઓફિસ સ્ટેશનરી લેવા માટે છેક સે-૧૧માં કે સે-૧૬માં જવું પડતું હોવાથી સમયનો બચાવ થાય તે અર્થે સચિવાલયના શોર્ટીંગ ઓફિસ ખાતે ખાસ પોસ્ટઓફિસ સ્ટેશનરીનું વેચાણ થતું હતું. જયાં સ્ટેમ્પ, ટપાલ ટીકીટ જેવી પોસ્ટને લગતી વસ્તુ વેચાણમાં હતી પરંતુ છેલ્લા ત્રણેક મહિનાથી શોર્ટીંગ ઓફિસ ખાતે થતું પોસ્ટઓફિસ સ્ટેશનરી વેચાણ બંધ છે. જેને લીધે સચિવાલયની મુલાકાતે આવતા તથા ત્યાં કામ કરતા અધિકારીઓએ સ્પેશિયલ સે-૧૧ તથા સે-૧૬ની પોસ્ટઓફિસ ખાતે ધક્કો ખાવો પડે છે અને સમય પણ વધુ વેડફાય છે. આ શોર્ટીંગ ઓફિસમાં પોસ્ટઓફિસ સ્ટેશનરીનું વેચાણ જલ્દીથી શરૂ થાય તે અંગેની માંગ ઉઠવા પામી છે.



સિનીયર સિટીઝન મંડળ કુડાસણ દ્વારા ગરીબો માટે સે-૭ ખાતે ખીચડી વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૩ વર્ષથી વિપિનભાઈ ઓઝા અને તેમના સાથીઓ દ્વારા આ કાર્ય કરવામાં આવે છે.

## એન્ટિ-એઈજીંગ પ્રિકોશન્સ વિષય પર નિઃશુલ્ક શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૩૦

સ્વત્વ યોગ સ્ટુડિયો કુડાસણ દ્વારા એન્ટિ એઈજિંગ પ્રિકોશન્સ વિષય પર નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં સામેલ થવા ઈચ્છુક નગરજનોને ૮૯૮૦૯૩૫૦૧૧ પર રજીસ્ટ્રેશન કરાવવા સંસ્થાના માસ્ટર કોચ આનલ રાવલ દ્વારા જણાવાયું છે.

# પૂર્ણ ધર્મશાસ્ત્રમાં નાગરિકશાસ્ત્રનો પણ સમાવેશ થાય છે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સેકટર-૨૨માં બિરાજમાન જૈનાચાર્ય શ્રી ઉદયવલ્લભસૂરિજીએ જણાવ્યું હતું કે 'કોઈ પણ પૂર્ણ ધર્મશાસ્ત્રમાં અંદર ધરબાયેલું નાગરિકશાસ્ત્ર પણ હોય જ છે માટે જ ખરો ધર્માત્મા માત્ર 'બીલિફ' અંગે નહીં, 'બિહેવિયર' વિશે પણ એટલો જ આગળ વધે છે.'

કલ્પસૂત્રમાં આવતા વિધાનો માર્મિક છે. ઘરના નોકર માટે તેમાં 'કૌટુંબિક પુરુષ' જેવો આત્મીય શબ્દ વપરાયો છે. નોકર પ્રત્યે શેઠના હૃદયમાં કયા પ્રકારની લાગણી હોવી જોઈએ




તેનો નિર્દેશ એક શબ્દમાં અપાયો છે.

સમાજ એક અખંડ શરીર છે. વિદ્વાનો, વિચારકો સામાજિક શરીર રચનામાં બુદ્ધિના સ્થાને છે, ઉપદેશકો જબાનના સ્થાને છે હિતેચ્છુઓ, વૃદ્ધો, હૈયાના સ્થાને છે તેમ નોકર ચાકર વર્ગ હાથ પગના સ્થાને છે. દુનિયામાં ઈન્ટલેકટનો ચોકકસ મહિમા છે છતાં શ્રમનું મહત્વ પણ જરાય ઓછું નથી. ઘરમાં આવતા સારા પ્રસંગે બહેન-ભાણેજની માફક કૌટુંબિક પુરુષોને (સેવક વર્ગને) પણ ખુશાલીરૂપે કંઈક આપી શકાય.

ઘરના સ્વજનની માફક આ 'કૌટુંબિકો'ના સ્વાસ્થ્ય વગેરેની ચિંતા, કાળજી લેવાય. પોતાના માનીને કયારેક નુકસાનકારી વ્યસનથી ટેવાયેલા 'કૌટુંબિક'ને તે છોડાવવા પ્રેરણા અને પ્રોત્સાહન આપવાથી પણ કૌટુંબિકતાને નિખારી શકાય છે. ધર્મમાત્ર પ્રવૃત્તિના વિષયમાં જ નહીં, સંવેદના વિશે પણ પોતાનો મજિક ટચ આપે છે. ધર્મશ્રવણ સહુને ધર્મના આવા અને આથી પણ આગળના પરિણામોને પ્રગટાવે એવા પર્યુષણના પ્રભાવની આપણે રાહ જોઈએ.

# ભારત સંચાર નિગમના તઘલખી નિર્ણયોથી ગ્રાહકોને હેરાનગતિ

ગાંધીનગર, તા.૩૦

ભારત સંચાર નિગમ દ્વારા લેન્ડ લાઈન ફોનનું સંચાલન થાય છે. જેના દ્વારા ઘણા સમયથી ચિત્રવિચિત્ર તઘલખી નિર્ણયો લેવાથી લેન્ડલાઈનના ગ્રાહકો હેરાન પરેશાન થઈ ગયા છે.

છેલ્લા કેટલાક વખતથી કાગળની બચત કરવાના વિચિત્ર તર્કથી ટેલિફોન બીલ મોકલવાનું બંધ કરેલ છે. જેથી ગ્રાહકોને બીલ ભરવાની મુશ્કેલી થાય છે. બીલ ન મળવાથી ગ્રાહકો જાણી શકતા નથી. વધુમાં ગ્રાહક સુરક્ષા વિભાગ તરફથી વારંવાર રેડિયો ટીવી મિડીયામાં જાહેરાતો કરવામાં આવે છે. બીલ મેળવવું એ આપણો હક્ક છે. બીલ ન આપવું એ કાનુની અપરાધ છે તો આ અપરાધ વિષે સરકારી તંત્ર કુંભકર્ણમાં હશે?

છેલ્લા કેટલાક સમયથી ઈસીએસ દ્વારા બેંકોમાંથી બીલના નાણાં કપાતા હતા તે સગવડ પણ બંધ કરેલ છે જેની ગ્રાહકોને જાણ પણ કરવામાં આવતી નથી. જયારે ગ્રાહક આ યોજનામાં જોડાયેલ હોય ત્યારે નિયત નમુનાના ફોર્મમાં બાંયધરી લેવામાં આવે છે તો આ સેવા સમાપ્ત કરવામાં આવે તો ટેલિફોન ખાતાએ જાણ નહિ કરવાની આપખુદી નિર્ણય લીધેલ છે. ટેલિફોન અદાલતમાં પણ આ પ્રશ્નો અંગે ચુપકીદી સેવાય છે. આમ લેન્ડલાઈનના ગ્રાહકો દંડાય છે અને હેરાન થાય છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ પશાભાઈ ભગવાનદાસ, ઉ.વ. ૭૦
- સ્વ. સોલંકી મંજુલાબેન કાળીદાસ, ઉ.વ. ૬૩
- સ્વ. ઠાકોર સીતાબેન બાબુજી, ઉ.વ. ૧૮
- સ્વ. પ્રજાપતિ અમૃતાબેન રામજીભાઈ, ઉ.વ. ૮૧
- સ્વ. વાઘેલા ચંદ્રસિંહ સરદારસિંહ, ઉ.વ. ૮૮